**બિડાણ:**ગુજરાત સરકારશ્રીના નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮.૧૦.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક :– ખરચ / ૨૦૦૨ / ૫૭ / પાર્ટ–૪/ ઝ.૧

**વિષય:** રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણુંકોનો ફીકસ પગાર સુધારવા બાબત.

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ફીકસ પગાર/૨૦૨૩/** ૮૯૨૭ **તા:** ૨૭/ ૧૦ /૨૦૨૩

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલ:** ઉપર મુજબ

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું</u> :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– ગુજરાત સરકારશ્રીના નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮.૧૦.૨૦૨૩ના ઠરાવ ક્રમાંક :– ખરચ / ૨૦૦૨ / ૫૭ / પાર્ટ–૪/ ઝ.૧ માં જણાવ્યાનુસાર અમલ કરવા સારુ.

નકલ રવાના:– અત્રેની કચેરીની અ–૨ શાખા તરફ જાણ તેમજ ઠરાવમાં જણાવ્યાનુસારની કાર્યવાહી કરવા સારુ.

રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂકોનો ફીક્સ પગાર સુધારવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૮-૧૦-૨૦૨૩

સંદર્ભ-(૧) નાણા વિભાગનો તા.૧૬-૦૨-૨૦૦૬નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગનો તા.૦૧-૦૮-૨૦૦૬નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/ઝ.૧
(૩) નાણા વિભાગનો તા.૨૯-૦૪-૨૦૧૦નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/ઝ.૧
(૪) નાણા વિભાગનો તા.૬-૧૦-૨૦૧૧નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
(૫) નાણા વિભાગનો તા.૨૦-૧૦-૨૦૧૪નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
(૬) નાણા વિભાગનો તા.૨૦-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
(૭) નાણા વિભાગનો તા.૧-૧-૨૦૧૬નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
(૮) નાણા વિભાગનો તા.૨૮-૩-૨૦૧૬નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧
(૯) નાણા વિભાગનો તા.૧૨-૭-૨૦૧૬નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
(૧૦) નાણા વિભાગનો તા.૧૨-૭-૨૦૧૬નો ઠરાવ ક્ર:ખરચ-૧૦૨૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ.૧
(૧૧) નાણા વિભાગનો તા.૧૮-૧-૨૦૧૭નો ઠરાવ ક્ર:ખરચ-૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

**આમુખ:-**

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને તા.૦૧/૦૮/૨૦૦૬ના ઠરાવોથી રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૦૫ (પાંચ) વર્ષ માટે ફીક્સ પગારથી સીધી ભરતીની નિમણૂકો કરવાની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. ત્યાર બાદ નાણા વિભાગ દ્વારા ઉક્ત નીતિમાં વખતો વખત જરૂરી સુધારાઓ કરવામાં આવેલ છે.

છેલ્લા કેટલાક સમયથી ઉક્ત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફીક્સ પગારમાં સુધારો કરવા અંગે રાજ્ય સરકારને રજુઆતો મળેલ હતી. જેના અનુસંધાને નાણા વિભાગના ઉક્ત સંદર્ભ-(૧૧)માં દર્શાવેલ તા.૧૮-૦૧-૨૦૧૭ના ઠરાવથી ફીક્સ પગારની રકમમાં સુધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**// ઠરાવ//**

૧. રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ-(૧૧)ના તા.૧૮-૦૧-૨૦૧૭ના ઠરાવથી નિયત કરેલ માસિક ફીક્સ પગારના દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે.

| ક્રમ | તા.૧૮-૦૧-૨૦૧૭ના ઠરાવ મુજબ નિયત થયેલ માસિક ફીક્સ પગાર (રૂપિયા) | સુધાર્યા મુજબનો માસિક ફીક્સ પગાર. (રૂપિયા) |
|---|---|---|
| ૧. | ૧૬,૨૨૪/- | ૨૧,૧૦૦/- |
| ૨. | ૧૯,૯૫૦/- | ૨૬,૦૦૦/- |
| ૩. | ૩૧,૩૪૦/- | ૪૦,૮૦૦/- |
| ૪. | ૩૮,૦૯૦/- | ૪૯,૬૦૦/- |

૨. ફીક્સ પગારની નીતિ સંદર્ભે નાણા વિભાગના વખતો વખતના ઠરાવથી નક્કી થયેલ અન્ય જોગવાઇ યથાવત રહેશે.

૩. આ ઠરાવનો અમલ તા.૦૧/૧૦/૨૦૨૩થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.નિસર્ગ જોષી)
નાયબ સચિવ (કરકસર)
નાણા વિભાગ

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો (અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.) (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.

- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી. તરફ નાણા વિભાગની વેબસાઈટ ઉપર આ ઠરાવ મૂકવાની વિનંતી સાથે.
- સિલેકટ ફાઈલ ઝ.૧ શાખા.

..................................

o પત્ર દ્વારા